

# ‘ઓપન મૅરેજ’ એટલે શું?

ડૉ. મુકુલ ચોક્સી



**લગ્ન કાંઈ ઢીંગલા-ઢીંગલીનો ખેલ નથી. એ બે શરીર કરતાં વધુ બે દિલોનું, બે આત્માનું મિલન છે. કેટલાક લોકો કમનસીબે લગ્નને શરીરસુખ માણવાની વ્યવસ્થા માની લે છે. પરિણામે એમના મગજમાં સેક્સવિષયક જાતજાતની ફેન્ટસીઓ જન્મે છે. સ્વિંગિંગ એમાંની એક ગણી શકાય. શૈયાસુખ માટે પરસ્પરના લાઈફ પાર્ટનરની અદલાબદલી કરાવતી આ બદીથી સમજુ યુગલો જેટલા દૂર રહે એટલું એમના હિતમાં છે.**

અનેક દાયકા પૂર્વે નેના અને જ્યોર્જ ઓનેલ નામની લેખક બેલડીએ ‘ઓપન મૅરેજ’ નામનું એક ‘બેસ્ટ સેલર’ પુસ્તક લખ્યું હતું. આ પુસ્તકનો મધ્યવર્તી વિચાર એ હતો કે પતિ-પત્ની પરસ્પરની બધી જ જરૂરિયાતો પૂરી પાડવા માટે એકલા સક્ષમ નથી હોતાં. બધી ઉર્ફે વૈચારિક, લાગણીગત, જાતીય, સામાજિક, આર્થિક ઈન્ટેલેક્ચ્યુઅલ, રોમૅન્ટિક વગેરે. હવે આમાંની કોઈ એક જરૂરિયાત અધૂરી રાખીને જીવવા કરતાં પતિ કે પત્ની આ એક જરૂરિયાત અન્ય કોઈ વ્યક્તિ પાસેથી સંતોષી શકતું હોય તો તેમાં કશું ખોટું નથી. ધારો કે પત્ની તેની ‘ઈમોશનલ નીડ’ માટે અન્ય પુરુષ પર આધાર રાખે તો પતિએ તેનો વાંધો ન લેવો. જો દંપતી (પતિ-પત્ની બંને) આવી ચોક્કસ સમજૂતી રાખીને જીવે તો તે લગ્નને સાચા અર્થમાં ‘ઓપન મૅરેજ’ કહેવાય. જેમાં પરસ્પરની જરૂરિયાતને સમજીને તેમને ‘લગ્નબાહ્ય’ સંબંધો વિકસાવવાની સ્વતંત્રતા જીવનસાથી તરફથી મળતી હોય.

જ્યોર્જ ઓનેલે ‘વ્યક્તિગત વિકાસ’ની થિયરીને આધારે આવું પ્રપોઝ કરેલું. આવા ‘ઓપન મૅરેજ’માં પતિ-પત્નીએ એકમેકથી કંઈ છુપાવવાનું હોતું નથી આથી તેઓ નિખાલસપણે જીવી શકે છે.

‘સ્વોપિંગ’ (સ્વિંગિંગ) વિષે સમજતાં પહેલા જ્યોર્જ ઓનેલે સૂચવેલી ‘કન્સેન્સ્યુઅલ એક્સ્ટ્રા-મરાઈટલ સેક્સ’



**ગ્રુપ સેક્સ એ સ્વોપિંગનું જ કદરૂપું એક્સ્ટેન્શન છે. તેમ છતાં પશ્ચિમના દેશોમાં તો સ્વોપિંગની રીતસરની જાહેરાતો અપાય છે**

(સી.ઈ.એસ.)ની વિભાવના સમજવી જરૂરી છે. 'સી.ઈ.એસ.' એટલે જીવનસાથીની મંજૂરી અને જાણકારી સાથે વ્યક્તિ લગ્નેતર શરીરસંબંધો બાંધે તે. દરેક 'સ્વિંગર્સ' દંપતી મૂળભૂત રીતે સી.ઈ.એસ.માં માનતા હોય છે.

અલબત્ત, જ્યોર્જ ઓનેલને આ પુસ્તક લખ્યાના થોડાં વર્ષો બાદ ખ્યાલ આવ્યો હતો કે 'ઓપન મૅરેજ'ની પોતાની પણ ઘણી નવી સમસ્યાઓ હોય છે. તેણે નોંધ્યું હતું કે જે પતિ-પત્નીના સંબંધો ખૂબ ઊંડાણપૂર્વકના હોય છે તેમને 'વિકાસ' માટે નવા સંબંધો બાંધવા પડતા નથી અને ઘણી વાર ઓપન મૅરેજના બહાને પુરુષો છટકબારી જ શોધતા થઈ જતા હોય છે. આમ સરવાળે 'વિકાસ'ને બદલે 'વિનાશ' જ જોવા મળે છે.

## 'સ્વિંગિંગ' શું છે ?

જ્યારે બે દંપતી એકમેકના પતિ-પત્ની સાથે શરીરસુખ માણે ત્યારે આ કપલ્સ 'સ્વિંગિંગ' પ્રવૃત્તિ કરે છે એમ કહેવાય. આ પ્રવૃત્તિ સામાન્યતઃ ચારેય પાર્ટનર્સની અનુમતિથી થતી હોય છે. આખા વિશ્વમાં આ પ્રવૃત્તિ થતી હોવાનું નોંધાયું છે. અલબત્ત, આપણા દેશમાં એની માત્રા ઓછી હોવાનું અનુમાન છે. સિત્તેરના દાયકામાં માસ્ટર્સ ઍન્ડ જહોન્સનના નોંધ્યા પ્રમાણે ૪ ટકા પરિણીત વ્યક્તિઓ સ્વિંગિંગ પ્રવૃત્તિ કરતાં જણાયાં હતાં. જેમાંના ઘણાખરાએ એ પ્રવૃત્તિ ટૂંકા ગાળા માટે જ કરી હતી. જ્યારે અડધો અડધ યુગલોએ થોડા સમય બાદ સ્વિંગિંગ છોડી દીધું હતું.

મોટા ભાગના યુગલોમાં પતિ મહાશયોએ જ સ્વિંગિંગની ઑફર મૂકવાની શરૂઆત કરી હતી. ઘણી પત્નીઓને શરૂઆતમાં આ સાંભળીને આઘાત લાગ્યો હોવાનું ય જણાયું છે. પ્રારંભિક ગડમથલ પછી પતિની સમજાવટમાં દબાણથી કેટલીક મહિલાઓ અર્ધઈચ્છાથી સ્વિંગિંગમાં જોતરાતી જોવા મળે છે.

ભારતમાં પણ હવે ધીમે ધીમે સ્વિંગિંગના કિસ્સાઓ જોવા/સાંભળવા મળતા થયા છે. ખાસ કરીને મેટ્રો સિટીઝમાં કહેવાતી લિબરલ ક્લબોમાં ચાલતી નાઈટ એક્ટિવિટીઝમાં ક્યારેક સ્વિંગિંગ પણ સમાવિષ્ટ હોય છે, પણ સામાન્ય રીતે સ્વિંગિંગ એ ગુપ્ત યા અન્ડરગ્રાઉન્ડ એક્ટિવિટી હોય છે. કેટલીક વાર એકબીજાના લાંબા ગાળાથી પરિચિત અને ખૂબ આત્મીય એવા દંપતી 'આકસ્મિક' રીતે 'સ્વિંગિંગ સિચ્યુએશન'માં દાખલ થઈ જાય છે, તો ક્યારેક આછી-પાતળી ઓળખાણ બાદ એકાદ લિબરલ યુગલ અન્ય યુગલને 'પ્રપોઝ' કરે છે. સ્વિંગિંગ કપલ્સ પોતાનાં ઘરોમાં અથવા તો આઉટિંગ વખતે હૉટેલ્સ કે રિસોર્ટસમાં આ પ્રવૃત્તિ કરે છે. સ્વિંગિંગ એ ઘણાં યુગલો માટે માત્ર એક પ્રયોગ હોય છે. કેટલાકને માટે એકવિધ જાતીય જીવનમાંથી કામચલાઉ વેરીએશન હોય છે, તો અમુક યુગલો માટે તે ટેવ યા વ્યસન પણ હોઈ શકે છે.

પુરુષો મૂલતઃ બહુગામીત્વ હોવાથી તેમને સ્વિંગિંગમાં ઝાઝી તકલીફ પડતી નથી, પણ સ્ત્રીઓ બાયોલૉજિકલી 'મૉનોગેમસ' હોવાથી કેટલીક સ્ત્રીઓને સ્વિંગિંગમાં જોતરાયા બાદ માનસિક સમસ્યાઓ ઊભી થાય છે.

અલબત્ત, સ્વિંગિંગને ઘણી કામવિજ્ઞાનની ટેક્ષબુક્સમાં એક 'નૉર્મલ' જાતીય પ્રવૃત્તિ તરીકે જ દર્શાવાય છે. તેમ છતાં આપણા સમાજમાં એ સામાજિક વિકૃતિ તરીકે કુખ્યાત છે.

'સ્વિંગિંગ'ના પણ કેટલાક અલગ અલગ પ્રકારો હોય છે. જેમાં બે દંપતી એકમેકના પાર્ટનર્સ એકસચેન્જ કરી બંધ શયનખંડોમાં શરીરસુખ માણે તેને 'ક્લોઝડ સ્વિંગિંગ' કહેવાય છે. અર્થાત્ આ યુગલની કામક્રીડાઓ તે બે યુગલો પૂરતી મર્યાદિત છે. એથી વિપરીત 'ઓપન સ્વિંગિંગ'માં કામક્રીડા આચરતા 'પાર્ટનર ચેઈન્જડ કપલ્સ' સાથે અન્ય વ્યક્તિઓ પણ જોડાઈ શકે છે. જો બેથી વધારે યુગલો એકસાથે કામક્રીડા આચરે તો તેને 'સમૂહ કામક્રીડા' યા 'ગ્રુપ સેક્સ' તરીકે ઓળખવામાં આવે છે. 'સ્વિંગિંગ ગ્રુપ સેક્સ'માં ક્યારેક ચાર,



**સ્વિંગિંગ ગ્રુપ સેક્સમાં સ્ત્રીઓ અંદરોઅંદર સજાતીય કામકર્મ પણ માણી લેતી હોય છે**

છ યા વધુ વ્યક્તિઓ જોતરાય છે અને તેમાં સ્ત્રીઓ અંદરોઅંદર સજાતીય કામકર્મ પણ માણી લેતી જોવા મળે છે. જોકે કોઈ અગમ્ય કારણોસર સ્વિંગિંગ ગ્રુપ સેક્સ દરમિયાન પુરુષના હોમોસેક્સ્યુઅલ એન્કાઉન્ટર્સ ભાગ્યે જ જોવા મળે છે.

સ્વિંગર્સ કેટલીક વાર જાતીય પ્રવૃત્તિઓ સિવાયની પ્રવૃત્તિઓમાંય સાથે રહેવાનું પસંદ કરે છે. જેમકે આવી સ્વિંગર્સ ક્લબોના મેમ્બર્સ ગ્રુપ આઉટિંગ યા પિકનિક પર સાથે ફરવા ય જતાં હોય છે.

અલગ અલગ મનોવૈજ્ઞાનિક સર્વેક્ષણોમાં સ્વિંગર્સની અલગ અલગ પર્સનાલિટી જોવા મળી છે. કેટલાક અભ્યાસોમાં સ્વિંગર્સ ધાર્મિક, આધ્યાત્મિક, રૂઢિચુસ્ત તથા ટ્રેડિશનલ જણાયા છે તો અન્ય કેટલાક અભ્યાસોમાં તેઓ ઉદાર, અધાર્મિક, લિબરલ યા એન્ટિએસ્ટાબ્લિશમેન્ટ એટીટ્યુડ ધરાવતા હોવાનું જણાયું છે. બધા જ અભ્યાસોમાં એક વાત સર્વાનુમતે સ્પષ્ટ થઈ છે અને તે એ કે સ્વિંગર્સને લગ્નપૂર્વે વધારે જાતીય ઉત્કંઠા તથા વધારે જાતીય સંપર્ક હતા અને નોન-સ્વિંગર્સ કરતાં વહેલી ઉંમરે તેઓ કામજીવનમાં પ્રવૃત્ત થયાં હતાં. ઘણા ખરા અભ્યાસોમાં સ્વિંગર્સના વ્યક્તિત્વો નોર્મલ જણાયાં છે. માત્ર બે સર્વેક્ષણમાં સ્વિંગર્સને વધારે મનોચિકિત્સાની જરૂર પડી હોવાનું નોંધાયું છે.

Anokhee January 07 Final.qxd 7/5/2007 2:48 PM Page 68



**સ્વિંગિંગ દરમ્યાન પતિ-પત્નીને અન્ય યુગલ પાસેથી નવા અનુભવો મળ્યા બાદ તેમની એકબીજા પ્રત્યેની અપેક્ષાઓ બદલાઈ જાય છે, જે લગ્નજીવન સામે જોખમ ઊભું કરી શકે**

## સ્વિંગિંગના ફાયદા - ગેરફાયદા

'સ્વિંગિંગ' વર્ષોથી દરેક સમાજમાં વત્તેઓછે અંશે પણ પ્રવર્તતું હોવાથી તેના કોઈક ફાયદા અચૂક હશે એ દેખીતું છે. સ્વિંગિંગમાં ફ્રોરિંગ હોય છે, નિખાલસતા હોય છે. પાર્ટનર્સની જરૂરિયાતનો પણ ખ્યાલ રખાય છે. તેમાં સચ્ચાઈ છે, દંભ નથી. જીવનસાથીથી ખાનગીમાં છુપાવીને કોઈ આડાસંબંધો બાંધવાની વૃત્તિ નથી. તેમાં નવીનતા, થ્રીલ તથા વધુ એક્સાઈટમેન્ટ હોવાનું સ્વિંગર્સ કબૂલે છે. એક અભ્યાસમાં, સ્વિંગિંગ ન કરતાં હોવા છતાંય જો ચાન્સ મળે તો સ્વિંગિંગ કરી લેવાની ઈચ્છા ઘણા પુરુષોએ વ્યક્ત કરી હતી. વળી કેટલાંક સ્વિંગિંગ યુગલોએ સ્વિંગિંગના અનુભવ બાદ પોતાની શુષ્ક થયેલી જાતીય જિંદગી પહેલાં કરતાં વધારે રસાળ થઈ હોવાનુંય જણાવ્યું છે.

જોકે તેના ફાયદા કરતાં ગેરફાયદા વધારે છે અને એટલે જ ઘણા ખરા યુગલો પ્રારંભિક બે-ત્રણ અનુભવ બાદ સ્વિંગિંગ પ્રવૃત્તિથી દૂર થઈ જાય છે. સ્વિંગિંગનો પહેલો ગેરફાયદો એ છે કે તે વ્યક્તિની પઝેસીવનેસ, સરખામણીની વૃત્તિ, જેલસી, શંકાઓ વગેરેમાં વધારો કરી શકે છે. સ્વિંગિંગમાં સમજૂતી દાખવતાં યુગલોને પણ પરસ્પર અંદરોઅંદર અવિશ્વાસ રહેતો હોય છે. અહમ્‌ના ટકરાવ થઈ શકે છે. એને લીધે સીધા ચાલતા દામ્પત્યજીવનમાં નવી તિરાડો પડી શકે છે. ક્યારેક દંપતી અસહકાર, દામ્પત્યક્લેશ, કંકાસ કે લગ્નવિચ્છેદ સુધી પણ પહોંચી જઈ શકે છે.

કેટલાક પુરુષોને સેક્સ્યુઅલ શેઈમ, સ્ત્રીઓને પાછળથી ગિલ્ટ યા અપરાધભાવ, ડિપ્રેશન વગેરે થયા હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. વળી નપુંસકતા યા ઈરેક્ટાઈલ ડિસ્ફંક્શન, કામશુષ્કતા, વજાઈનિસ્મસ, એબસન્ટ ઈજેક્યુલેશન યા એનોર્ગેઝિમયા જેવી જાતીય તકલીફો પણ થતી હોવાનું નોંધાયું છે. સ્ત્રીઓ ડરી જવાથી એન્ક્ઝાઈટી ડિસઑર્ડર, પેનિક, ફોબિયા કે ઓબ્સેશન્સનો ભોગ પણ બની જતી જોવા મળે છે. તંગ સંબંધો, મેન્ટલ સ્ટ્રેસ, મરાઈટલ ડિસ્ટર્બન્સનાં ઉદાહરણો પણ ઓછાં નથી. ક્યારેક સ્વોપિંગ બાદ પતિ કે પત્નીના અન્ય પાર્ટનર્સની સરખામણીએ અનુભવો અલગ હોવાથી પરસ્પર માટેની અપેક્ષાઓ બદલાઈ જતાં અસલામતીની ભાવના, લઘુતાગ્રંથિ, ઓછપનો અનુભવ વગેરે ઉત્પન્ન થાય છે.

તો ક્યારેક વધુ પડતી કામુક્તા પ્રદીપ્ત થઈ જવાથી વ્યક્તિ 'ઓવર ડિમાન્ડિંગ' બની જાય છે. તેઓને સેક્સ લાઈફનું કોપિંગ યા હેન્ડલિંગ અઘરું લાગવા માંડે છે. મિત્રો, બાળકો, વડીલો કે અન્યો સુધી આ વાત ન પહોંચે તેના ડરથી તેઓનો માનસિક તણાવ વધી જતો જોવા મળ્યો છે. અણસમજ, અસ્પષ્ટતા, આક્ષેપો તથા અવિશ્વાસનો માહોલ સરજાઈ શકે છે. વળી, આમાંથી જન્મતી સમસ્યાના હલ માટે કપલ અન્ય કોઈની સલાહ કે મદદ ન લઈ શકતું હોવાથી તેમના તણાવ અને મનોસંતાપમાં અનેકગણો વધારો થઈ શકે છે.

આમ, સરવાળે અનૈતિક પ્રવૃત્તિ હોવાને નાતે તથા તેના ગેરફાયદાઓ વધુ હોવાને લીધે સ્વિંગિંગની પ્રવૃત્તિ કોઈને ભલામણ કરવા જેવી નથી. એટલું જ નહીં... જો કોઈ યુગલ સ્વિંગિંગમાં મસ્ત હોય તોય તેમને બને તો આમાંથી વહેલી તકે બહાર નીકળી જવા સમજાવવું જોઈએ.

# 'સ્વિંગિંગ' આજના મહાનગરની નવી બદી

⊙ કામશાસ્ત્રની દૃષ્ટિએ સ્વિંગિંગમાં કદાચ કોઈને કશું અજુગતું ન લાગે, પણ સમાજશાસ્ત્ર તથા નીતિશાસ્ત્રની દૃષ્ટિએ સ્વિંગિંગ એ અચૂક 'ડેવીએટેડ સેક્સ બીહેવિયર,' અસામાન્ય (એબનોર્મલ) યા કામવિકૃતિ (પેરાફિલિયા) કહી શકાય. એને સામાજિક દૂષણ જ કહેવું પડે.

⊙ આપણે ત્યાં માધ્યમો સ્વિંગિંગને 'કી ક્લબ કલ્ચર' કહે છે. એક ચર્ચાસ્પદ ઘટના-જેમાં પાંચ-સાત યુગલો કારમાં આવે, પત્નીઓ ગાડીમાં બેસી રહે, પુરુષો ક્લબમાં જાય અને કારની ચાવીઓ ઉછાળે, અને જેના હાથમાં જે ચાવી તે આવે તે કાર તથા સ્ત્રી લઈને થોડા કલાકો માટે એકલા ચાલ્યા જવાનું આવે - તેના ઉપરથી આ નામ આવ્યું હોવાનું મનાય છે.

⊙ અજનબી નામની કરીના - બિપાશાની ફિલ્મમાં દારૂના નશામાં તથા અર્ધજાગ્રત અવસ્થામાં જીવનસાથીઓ. એક રાત્રિ માટે આકસ્મિક રીતે બદલાઈ જતાં હોવાનો થીમ ફિલ્માવાયો છે. અલબત્ત, જેન્યુઈન સ્વોપિંગમાં બેઉ યુગલના ચારેય જણ પૂર્ણ સમજ તથા સંમતિસહ આ જોખમી કામરમત રમવા તૈયાર થાય છે. ફિલ્મમાં કેવળ 'શ્યુડોસ્વોપિંગ' જ છે.

⊙ વિદેશોમાં સેક્સ મૅગેઝિનોમાં તથા ઈન્ટરનેટ પર ઢગલાબંધ સ્વિંગિંગ માટે આતુર કપલ્સની જાહેરાતો જોવા મળે છે. જેમાં એક 'ઝૂલતું યુગલ' આવા અન્ય ઝૂલતાં યુગલોને મુક્ત કામાચાર માટે નિમંત્રે છે.

⊙ સ્વિંગિંગ અંતે તો કામવ્યભિચારનું એક વરવું સ્વરૂપ જ છે, પણ સંડોવાયેલા તમામની સહસંમતિથી આ કુકર્મ થતું હોવાથી એની કોઈ ફરિયાદ થતી નથી.

⊙ જોકે સ્વિંગિંગમાં 'સેક્સ્યુઅલ એક્સપ્લોઈટેશન' પણ થતું જ હોય છે. કેમકે ડોમિનન્ટ પુરુષ સબમિસિવ સ્ત્રીને છળકપટ - ધાકધમકી - ગુપ્ત દબાણ યા નશાખોરી દ્વારા પણ આ કપટી કામલીલામાં જોતરતો હોય એવું બની શકે છે.

⊙ ગ્રુપ સેક્સ એ સ્વોપિંગનું જ કદરૂપું એક્સ્ટેન્શન છે.

⊙ સ્વિંગિંગથી એઈડ્સ જેવા જોખમી રોગોનું ટ્રાન્સમિશન વધે છે. આ મુક્ત સાહચર્ય યા સ્વૈરવિહાર હેલ્થની દૃષ્ટિએ પણ જોખમી બાબત છે.

⊙ વાસ્તવમાં સેક્સ એ પતિપત્નીના ચૈતસિક, કૌટુમ્બિક તથા શારીરિક સંયોગનું શિખર હોવું જોઈએ. સેક્સ એ મનમેળનું ચરમબિંદુ છે. સેક્સ વ્યક્તિલક્ષી બાબત છે. સ્વોપિંગમાં આ બાબતનો છેદ ઉડાડી દેવાય છે અને સેક્સને કેવળ વ્યક્તિનિરપેક્ષ, શારીરિક બાબત ગણીને ટૂંકા ગાળા માટે શરીરો એક્સચેન્જ કરવામાં આવે છે.

⊙ આવા છીછરા સેક્સથી દામ્પત્યનું ગઠબંધન, પરસ્પરનો વિશ્વાસ, ફિલોસોફિકલ, ઈન્ટિગ્રિટી, આધ્યાત્મિક ઉત્કર્ષ, ચારિત્ર્યનું કલેવર તથા માનવસંબંધોનું નાજુક પોત બધું ખોરવાઈ જાય છે.

⊙ કેટલાક 'સ્વિંગિંગ કપલ્સ' એક્સપરિમેન્ટલ ધોરણે મિત્રોના અત્યાગ્રહથી, પ્રાયોગિક પરીક્ષણ રૂપે, અજાણતામાં, અર્ધસમજણ રૂપે, ના પાડી શકવાની અસમર્થતાને લીધે, જિજ્ઞાસાવશ, અસામાન્ય સંજોગોમાં મુકાઈ જવાને લીધે આ ઈમોશનલ બ્લેકમેલિંગના ભાગરૂપે પ્રસંગોપાત આવા કુકર્મમાં ભાગીદાર બની બેસે છે. આ સ્વિંગિંગ ટેમ્પરરી, ઈલસસ્ટેઈન્ડ યા ઈમ્પલ્સિવ હોય છે. આવા સ્વિંગર્સ સ્થિર, મેચ્યોર્ડ પર્સનાલિટી તથા હેપી મેરિડ લાઈફ ધરાવતા હોય છે.

⊙ આની સામે ઘણા સ્વિંગર્સ કાયમી ધોરણે, સ્વિંગિંગના એડિક્ટ હોય તે રીતે, સ્વભાવની નબળાઈને વશ થઈ, પૂર્ણ સમજદારી સાથે સ્વિંગિંગને લાઈફ સ્ટાઈલ બનાવી જીવતા હોય છે. તેઓ ઘણાં કપલ સાથે સ્વોપિંગ રિલેશન રાખે છે. તેઓમાં અન્ય કામવિકૃતિઓ તથા પ્રોમીસ્કયુટી, હાઈપરસેક્સ્યુઆલિટી વગેરે મનોજાતીય સમસ્યાઓ પણ હોય છે.

તેઓના જીવનમાં નૈતિકતા, મૂલ્યો, ઈમોશનલ બોન્ડિંગ વગેરેને ઓછું સ્થાન હોય છે. તેઓને વ્યસન, પર્સનાલિટી ડિસઑર્ડસ વગેરે હોવાની પણ સંભાવના રહે છે.

⊙ 'શય્યાસંગિની અદલાબદલી' એ હકીકતમાં લગ્નજીવનના 'ડીપ સીટેડ બોર્ડમ' (આંતરિક અરુચિ)માંથી ઊપસી આવતો બનાવ છે. અલબત્ત, મરાઈટલ સેક્સ્યુઅલ બોર્ડમ ઘણાને હોય છે... પણ બધા કંઈ સ્વિંગર્સ નથી બની જતા.

⊙ સ્વિંગર્સ વાસ્તવિક જીવનમાં બહુ ઓછા હોય છે, પણ એવું કરવાની ઈચ્છા યા ફેન્ટસી ઘણા ધરાવતા હોય છે.

⊙ પુરુષો આ માટે વધારે ઉત્સુક હોય છે. આધેડ વયમાં પણ આ પ્રવૃત્તિ જોવા મળે છે.

⊙ સ્વોપિંગનું એડિક્શન હોય તો તે છોડવા તત્કાળ મનોચિકિત્સકને મળવું જોઈએ.

⊙ ઈન્ટરનેટ તથા બ્લ્યુ ફિલ્મોના વ્યાપક વપરાશને લીધે આપણાં શહેરોમાં આ ગેરપ્રવૃત્તિ વધી ન જાય તેની યોગ્ય કાળજી લેવાવી જોઈએ. જો કોઈ સ્ત્રીને તેનો પતિ યા મિત્ર આ દુષ્કર્મમાં જોડાવા દબાણ કરે તો તેણે તરત વડીલ કં પોલીસ વગેરેને સ્પષ્ટ ફરિયાદ કરી દેવી જોઈએ.

⊙ જેઓને આજે પાર્ટનર એક્સચેન્જ સારું લાગે છે તેમણે પણ કાલે ઊઠીને લડાઈ, અપમાન, તિરસ્કાર, સોશિયલ બોયકોટ, અવહેલના, હતાશા વગેરેનો ભોગ બનવાનું આવે એવી પૂરી શક્યતા છે. ●